રામરાવ ગણેશ વડનેરકર પુ૦ મા૦ નં. ૨

ओंम नमः

૬૮૨૪

શિવ રેમણી

બનાવી છપાવી પ્રસિદ્ધ કરનાર

રામરાવ ગણેશ વડનેરકર

વણીક પુત્રી સુકન્યા અને રાજપુત્ર હુંસી

ની મનોરંજક વાર્તાનો કર્તા

મુ. છોટાઉદેપુર—રેવાકાંઠા

અમદાવાદ

સિવિલ હસ્પિતાલ સામે પાનાભાઇની વાડીમાં

વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ જેઠાભુદાસે છાપ્યું

સને ૧૮૯૮—સંવત ૧૯૫૪ શકે ૧૮૨૦

કીમત ફક્ત ૦—૧—૬ પરદેશીયોને

ટપાલ ખર્ચ ૦—૦—૬

પ્રસ્તાવના.

હું એક શિવ ભક્ત છું. ફુરસદની વેળાએ શ્રી વિશ્વનાથની પ્રેરણા પ્રમાણે તેનાં કેટલાક પદો, ગરબીયો, અને નાટકના રાહ ઉપરના ભજનો યાદ આવવાથી જે તે વખતે ટીપી રાખેલાં, તે જ્યારે દશ પંદર ભેગાં થયાં ત્યારે શ્રી શંકરની પ્રેરણાવડે તેને પ્રસિદ્ધ કરવાની બુદ્ધિ થવાથી, તેનીજ કૃપાવડે તે ભજનો પુસ્તકના રૂપમાં છપાવી બહાર પાડયાં છે. જેને માટે શ્રી વિશ્વનાથનો હું ઘણોજ આભારી છું.

આટલું નાનું સરખું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવાની મારામાં સત્તા નહોતી, પણ ચોપડીના છેલા પાનામાં જે સદ્‌ગૃહસ્થોએ આશ્રય આપેલો છે તેમનીજ કૃપા સમજવાની છે; અને આ મહદ્ આશ્રય મેળવવાનું કામ મારા. મે. સદા. રા. રા. દુર્ગાશંકર હરિશ્ચંદ્ર પુરોહિતનું છે, તેથી તેમનો ખરા દિલથી આભાર માનું છું; અને આશ્રય દાતાઓને જય થાય એમ ઇચ્છુ છું.

હું ગ્રંથ કર્તા.

श्री

श्री सांब सदाशिवाय नमो नमः

શિવ સ્મરણ.

"પૂર્ણ થયા આ ખેલ." એ રાહ.

પૂર્ણ કરો મુજ કામ, ગજાનન પૂર્ણ કરો મુજ કામ. ટેક.
ધારેલું કૃત્ય પુરૂં કરવા, પહોંચાડો મન હામ. ગજા. ૧
વિઘ્નો સર્વે નાશ થાય છે, સ્મરણ કરે તુજ નામ. ગજા. ૨
સુમતી તણીતો કરી પ્રેરણા, કુબુદ્ધિ સર્વે વામ. ગજા. ૩
હસ્ત જોડી એ વિનવે તુજને, અલ્પ મતિ આ "રામ" ગજા. ૪

ગરબી.

ભોળા ભોળા શિવશંકર ભોળા, ભોળારે ભોળા ભોળારે ભોળા.
ભોળા. ટેક.
ભજો શિવ સજ્જન સૌ પ્યારા, કરો શિવલિંગે જળ ધારા;
છુટેરે જેથી જમ તણા બારા. ભોળા ભોળા. ૧
સ્મરો તમે સૌ શિવ શૂળ પાણી, મૂખે વદો નિશદિન હરવાણી;
ભજોરે એની પાર્વતી પટરાણી. ભોળા ભોળા. ૨
ચઢાવે જે શિવને બિલ્વ પત્ર, તેને મળે સોનાનું છત્ર;
કૈલાસ પદ મળે તત્ર. ભોળા ભોળા. ૩
ચોખા તમે અર્પો સદા શિવને, મળે જેથી મુક્તિ આ જીવને;

માટે ભજોરે ઉમાધવને. ભોળા ભોળા. ૪
અરધ અંગમાં ગિરિજા રહે છે, જટા માંહેથી ગંગા વહે છે;
વાહન એનાને નંદી કહે છે. ભોળા ભોળા. ૫
ગળે મુંડમાળ શોભે સાર, શિરપર જટાનો ભાર;
તેમાં રહે છે ગંગા નાર. ભોળા ભોળા. ૬
સર્વાંગે ભસ્મ ત્રિશૂળ ધારી, કંઠે સર્પ માળ શોભે સારી;
જાઉં છું હું ચરણ કમલવારી. ભોળા ભોળા. ૭
ત્રિનેત્ર કપાળે ચંદ્ર શોભે, ભકતોનું મન જોઇ લોભે;
ભકતને દેખી મૃત્યુ તો થોભે, ભોળા ભોળા. ૮
સ્મરે જે કોઇ આ છંદ સારા. મટે તેના જન્મ મરણ વારા;
ભોળાનાથ અભય પદ દેનારા. ભોળા ભોળા. ૯
વ્યાઘ્રાંબર આસને મન મોહ્યું, મૃગચર્મ ઓઢેલું જોયું;
દર્શનથી પાપ સર્વ ખોયું, ભોળા ભોળા. ૧૦
સુણી દાસ રામની આ વાણી, સુને લ્યો શિવ શર્ણે તાણી;
ભકિત દ્યો દાસ તારો જાણી. ભોળા ભોળા. ૧૧

ગરબી.

ભોળા શંભુજી અકળીત કળા ન કળાય દ્યો દર્શન વંદુ પાય. ટેક

છો ભોળા તમે બહુ નામીરે,
તમ નામમાં નથી કંઇ ખામીરે;
શિવ કિર્તિ જગમાં જામીરે,
ભોળા શંભુના સ્મરણેથી સુખ થાય. દ્યો દર્શન.
જગત જાહેર છે તમ નામરે;
વસ્યા ગામો ગામને ઠામરે;

ધણું કરી કૈલાસ ધામરે,
શિવશંકરના દર્શનથી દુઃખ જાય. ઘો દર્શન. ૨

છે બિલ્લી તમોને પ્યારીરે,
ચઢાવે છે નરને નારીરે;
એ છે મોક્ષ તણી દેનારીરે;
શિવ ભક્તિથી દોષ સર્વે જાય. ઘો દર્શન. ૩
છે ગિરિજા તમ નારીરે,
સ્મરણેથી સુખ દેનારીરે,
જાઉં તવ મુખડે હું વારીરે,

શિવ ભજનેથી શોક સર્વે સમાય. ઘો દર્શન. ૪
ભવ તારણ નામ તમારૂંરે,
ભવ જળ લાગે છે ખારૂંરે;
શિવ નામ મુને છે પ્યારૂંરે,
મહા વદ ચૌદશે જન્મ આપનો થાય. ઘો દર્શન. ૫
શિવ નામનું ધરૂં નિત્ય ધ્યાનરે,
મન તું મારૂં કહ્યું માનરે;
નથી બીજુ કો શિવ સમાનરે,

શિવ શેવાથી કૈલાસ પદ પમાય. ઘો દર્શન. ૬
આ અર્જ સુણીને મારીરે,
ધ્યો હ્રદય માંહે ઉતારી;
કરો કૃપા દ્રષ્ટિ સારી,
શિવ શંકરજી દાસ રામ ગુણ ગાય. ઘો દર્શન. ૭

બનજારો.

શિવહર નામ સ્મરો પ્રાણી, નહિ તો થાશે ધુળ ધાણી. ટેક.

નામ તણો મહિમા અપાર, બ્રહ્માદિક પામે ના પારજી,
માટે સ્મરણ કરો શુભ પાણી, નહીતો થાશે ધુળ ધાણી. ૧
સહસ્ત્ર મૂખ શેષ કહેવાય નામ મહિમા તેથી ન વર્ણવાયજી;
માટે સ્મરણ કરો શુભ પાણી, નહીતો થાશે ધુળ ધાણી. ૨
નામ સ્મરણે તર્યાજન અપાર, તર્યા અને તરસે નિરધારજી;
માટે સ્મરણ કરો શુભ પાણી, નહિતો થાશે ધૂળ ધાણી. ૩
શિવ શિવ મુખેથી ઉચ્ચારે, તેનાં સર્વ દુઃખ શિવ હરેજી;
માટે સ્મરણ કરો શુભ પાણી, નહિ તો થાશે ધૂળધાણી. ૪
શિવ સ્મરણ કરે જન જાણી, પામે કૈલાસ પદ તે પ્રાણીજી;
માટે સ્મરણ કરો શુભ પાણી, નહિતો થાશે ધૂળ ધાણી. ૫
દાસ રામ સ્મરે તુજ નામ, પહોંચે જેથી કૈલાસ ધામજી;
દાસ તારો જાણી શુભ પાણી, દેજે નિશદીન મૂખે હરવાણી.
માટે સ્મરણ કરો શુભ પાણી, નહીતો થાશે ધૂળ ધાણી. ૬

(કેવળ રઘુનાથ વિના દુસરો ન જાણું એ રાગ.)

કેવળ શિવ શંકર વિણુ દુસરો ન જાણું. ॥ ૨ ॥ ટેક.
દક્ષ ઘર યજ્ઞકા ભંગ કીયા સારા, યોગાગ્નસે સતીને અપના
દેહ પારા. કેવળ. ૧
દક્ષ માર વિરભદ્રે ભૃગુકી દારી તોરી;
ભગ દેવકે ચક્ષુ ફાડે પુશાકે દાંત દીયે પારી. કેવળ. ૨
યજ્ઞ ભંગ દેખકે, સુરવર સહ ગયે મુરારી;
સબને મીલ સ્તવનકર, પ્રસન્ન કીયા ત્રીપુરારી, કેવળ. ૩

માફ કરો મહારાજ, યહિ અપરાધ ભારી;
યજ્ઞ કામ પૂર્ણ કરો, હે ત્રિશૂળ ધારી. કેવળ. ૪
અજ મસ્તક દક્ષકું, અજ કેશ ભૃગુકોદારી;
પુશાકુદે પીષ્ટ ભક્ષ, ભગ મિત્ર ચક્ષુસે દેખેરી. કેવળ. ૫
દક્ષને ફીર અજ મુખસેં, બહુ સ્તુતીઉચ્ચારી;
જબસેં બંબં કરતી, દેખો દુનીયા સારી. કેવળ. ૬
તું દિન બંધુ શિવ, મેં અપરાધી તેરા;
એકવાર કહો કૃપાળ, દાસ રામ મેરા. કેવળ. ૭

ગરબી.

ગિરિજા ગિરિજા ગૌરી, તું હે માત મોરીરે;
ગિરિજા ગિરિજા ગૌરી. ટેક.
તુજ નામસેં બ્હોત તર ગયે, દેખો સબ નર નારીરે;
પાર્વતી ગિરિરાજ કન્યકા, શિવશંકરકી નારીરે. ગિરિજા. ૧
શિવશંકર કે અર્ધાંગે શોભે, શ્રી ગણુપતકી માતરે;
તું માત મેં બાલ તીહારો, સદા શિવ મુજ તાતરે, ગિરિજા. ૨
દક્ષ ઘર જબ યજ્ઞ હુવામા, તુજે નહિ બુલાઇરે;
શિવ શંકરકી લે આજ્ઞા, દક્ષ ઘર તું પાઇરે. ગિરિજા. ૩
માન દીયો નહિ મા તુજકું આપ બહુ પસ્તાઇરે;
યજ્ઞ કુંડમેં દેહ હોમકે, યજ્ઞ ભંગ કીયો આઇરે. ગિરિજા. ૪
સાંબ સદા શિવ ભયે દિગાંબર, વિર ભદ્રકુ ભેજારે;
દક્ષ માર સબ નાશ કર દીયા, દુઃખી થયો સમાજરે. ગિરિજા. ૫
ફેર જનમ લીયો મા તુને, ગિરિરાજકે દુવારરે;

જપ તપ કરકે તુને મીલાયો, શિવશંકર ભરથારરે ગિરિજા. ૬
તુજ નામ મેં નિશદિન ગાઉં, દેદે ભક્તિ અપારરે;
દાસ રામહિ માગત તુજસેં કરો મુજ અંગિકારરે. ગિરિજા. ૭

દીનકો દયાળ છાંડ કોણ શર્ણુ જાઉં. ॥ ૨ ॥
હર હર હર ॥ ૨ ॥ શંકર ગુણ ગાઉં. ટેક
નિર્મલ ગંગા જલમેં નિશદિન નહાઉં. દિનકો. ૧
કાશીવિશ્વનાથજીકે દર્શનકું જાઉં. દિનકો. ૨
વહાં શિવ, ગૌરી, ગનપતિ, ચર્ણ શીશ નમાઉં. દિનકો. ૩
હનુમાન, નંદીકેશ્વર, વિરભદ્ર જોઉં. દીનકો. ૪
વિશ્વનાથ સ્મરણ કર કૈલાશ પદ પાઉં. દીનકો. ૫
તેરે ચરણકમલપે મેરો મન લગાઉં. દીનકો. ૬
તું બંધુ માત પિતા, મેં દાસ તેરો કહાઉં. દીનકો. ૭
રામચંદ્ર કહત મનસેં નિશદિન ગુણ ગાઉં. દીનકો. ૮

પૂર્ણ થયો આ ખેલ એ રાહ.

શિવહર સ્મરણ કરો નિશદિન, સ્મરણ કરો નિશદીન. શિવ. ટેક.
સ્મરણ કરે ભવસાગર તરશો, મૃત્યુ થાશે દીન. શિવ. ૧
અનેક ભક્તો હેદ છોડીને, થયા શિવ પદે લીન. શિવ. ૨
શિવ પ્રતાપ છે સમર્થ ભાઇઓ, લેશે સૌ દુઃખ છીન. શિવ. ૩
લોકપાળ સૌ માને આજ્ઞા, જેથી ધ્રુજે લોક તીન. શિવ. ૪
દાસ રામ તવ ભક્તિ માગે, જેવી જળશું મીન. શિવ. ૫

ધ્યાન ધરો સૌ સજ્જનો શિવ દિન દયાળ.
શિવ દિનદયાળરે, શિવ દિનદયાળ. ધ્યાન ધરો. ટેક.
જટા જુટમાં ગંગા બિરાજે, ચંદ્ર શોભે ભાળ. ધ્યાન. ૧
હસ્તુ વદન દિસે મનોહર, ગળે મુંડની માળ. ધ્યાન. ૨
કંઠે સર્પ રહ્યા છે વિંટાઇ, દુષ્ટ જનોના કાળ. ધ્યાન. ૩
ખપરપર શુ હસ્તે શોભે, ત્રિશુળ ઝાકઝમાળ. ધ્યાન. ૪
પિત પિતામ્બર પરિધાન કર્યો છે, અર્ધાંગે ગિરિ બાળ. ધ્યાન. ૫
વ્યાઘ્રાંબર આસને બિરાજે, ઓઢેછે મૃગ છાલ. ધ્યાન. ૬
વાહન નંદીપર સ્વારી છે, ચાલત ધીમી ચાલ. ધ્યાન. ૭
સૌ સાથે આનંદ કરે છે, વગાડી મૃદંગ તાલ. ધ્યાન. ૮
નિશદિન પોતે જપી રહ્યા છે, રામ મંત્રની માળ. ધ્યાન. ૯
અલ્પમતિ આ સ્તવન કરે છે, દાસ રામ તુજ બાળ. ધ્યાન. ૧૦

(આશા ગોઢીને મળતો રાગ.)

કૃપા કરીને તારો, શંભુજી સંસારમાંથી ઉગારો.
સંસારમાંથી ઉગારો, શંભુજી સંસારમાંથી ઉગારો. ટેક.
આ દુનીયાં છે દુઃખદાયક, તે સૌ દુઃખને નિવારો. શંભુજી. ૧
જન્મ મરણ ભય મોટો સૌને, મારે છે જમ મારો. શંભુજી ૨
તે દુઃખ નવ પડે સદા શિવ, તેવો રસ્તો સુધારો. શંભુજી. ૩
તુજ નામ સ્મરણ કરવાને, ભક્તિ માર્ગ દે સારો. શંભુજી. ૪
પ્રેમ રૂપી તવ નામનીના વેદે, સંસાર પાર ઉતારો. શંભુજી. ૫
દાસ રામ તવ સ્મરણ કરે છે, સૌને તારી પછી તારો. શંભુજી. ૬

ગરબી.

ભોળા ભોળારે શંભુનાથ, ગીરિજાના સ્વામી.
તુજ સ્મરણ કરીને આજ, કૈલાસ પદ પામી. ટેક.
જટા જુટમાં ગંગા બિરાજે, ભાળે ચંદ્ર શોભેરે,
ભકત જનોએ દર્શન કરેથી, તેમનું મન બહુ લોભે. ગિરિજા. ૧
મુંડ રૂંઢની માળ ગળામાં, સર્પ વિંટાયા કાળારે;
ત્રિ નેત્ર ચક્ર ચક્ષી રહ્યાં છે, શિવશંકરને ભાળ. ગિરિજા. ૨
ત્રિશૂળ ડમરૂ શોભે હસ્તમાં, ભસ્મ છે સર્વાંગેરે;
નંદીનું વાહન છે પાસે, ગૌરી છે અર્ધાંગે. ગિરિજા. ૩
ગણેશ ષડાનન રહે સમીપે; વિરભદ્ર સમ દાસરે;
વ્યાઘ્રાંબરનું આસન કરીને, ઓઢે છે ગજ છાલ. ગિરિજા. ૪
શિવશંકરનું નામજ લેતાં, નાશે પાપ અપારરે;
માટે સૌ સજ્જન નર નારી, કરો હરહર પોકાર. ગિરિજા. ૫
અલ્પ મતીની આ છે વિનતી, સૂણી ધરોને ધ્યાનરે;
દાસ રામ તવ પાસે માગે, નિજ ભકિતનું દાન. ગિરિજા. ૬

(મુજ ઉપર ગુજારી એ રાગ.)

મુજ ઉપર ગિરિજા માત, પિતા શિવ જાણી;
હું કરી રહ્યોછું અર્જ, જોડું બે પાણી. ટેક.
કર કૃપા મારી પર, હે ઉમયાના નાથ;
સૌ દુઃખ થકી કર દુર, મૂકી શીર હાથ; મુજ. ૧
પોતે દિગાંબર રહી, ભકત જન માટે,
અષ્ટ સિધ્ધિ નવ નિધ. આપે બીન કષ્ટે. મુજ. ૨
સ્મશાન ભૂમીમાં, વાસ કરે તું સ્વામી;

ષણુ રહે છે સદા પવિત્ર, ભકત દુ:ખ વામી. મુજ. ૩
શિવ ગળે વિંટાયા, સર્પ જાણુ ફુંફાળા;
તે આત્મ જનોનું, હિત કરતા છે દયાળા. મુજ. ૪
તે શિવનિંદકને, ભસ્મ કરે નિજ સ્વાસે;
એવું જાણી નિશદિન, નિંદકો ત્રાસે. મુજ. ૫
તુજ લલાટ માહે રહ્યા, અગ્નિ મહારાજ;
કોઇ વખતને માટે કર્યો, વિશ્વ ક્ષયકાજ. મુજ. ૬
નહિ ભકત જનોને ધાક, શિતળ તો લાગે;
જોઈ દુષ્ટ દુરાત્મા, તે થકી દુર ભાગે. મુજ. ૭
રહ્યું હાથને વિષે. ત્રિશુળ ઝગ ઝગતું;
તે ભકત જનોને રક્ષિ, દુષ્ટ જન દગતું. મુજ. ૮
સર્વાંગે ભસ્મનો લેપ, જટામાં ગંગા;
ગણુપતિ ષડાનન સાથ, ગિરિજા અર્ધાંગા. મુજ. ૯
વ્યાઘ્રાંબર આશન, શિવ સમીપે શોભે;
તે જોઇ ભકત જન મન, બહુ ત્યાં લોભે. મુજ. ૧૦
મૃગ ચર્મ તેં ઓઢયું, વિશ્વ તણા કિરતારા;
આ શુણી વિનતિ અલ્પ, દોષ હર મારા. મુજ. ૧૧
ભાંગ ગાંજો છે પ્રિય, સદાશિવ તુજને;
તારૂં તાંડવ જે નૃત્ય, ગમે બહુ મુજને. મુજ. ૧૨
નિશદિન જે કો, સ્મરે છંદ આ સારા;
છે વિશ્વનાથ તે તણા, દોષ હરનારા. મુજ. ૧૩
મુખ થકી રામનું નામ, જપો નિશ દિન;
દાસરામ માગે છે, ભકિત દાન જળમિન. મુજ. ૧૪

શંકર નામ સ્મરો નર નાર, નામ સ્મરો નરનાર. શંકર. ટેક
અર્ધાંગે ગિરિ કન્યા શોભે, પાસે બુધ્ધિ દાતાર. શંકર. ૧
અર્ક ધંતુરો પ્રિય છે તુજને, ભાંગપર બહુ પ્યાર. શંકર. ૨
તેતીસ કોટી દેવ નમે તુજ, સેવા કરૂં વાર વાર. શંકર. ૩
દાસ રામ તવ સ્તવન કરે છે, માગે ભક્તિ સાર. શંકર. ૪

(બનજારા રાગને મળતો.)

કરૂં સ્મરણ જોડી બે પાણી, વેગે ધાઓ ને શૂળપાણી;
આ અંતસમય મુજ આવ્યો, વાત પિત્તે મુને દબાવ્યોરે;
એવું મનમાં નક્કી જાણી, વેગે ધાઓ તે શૂળપાણી. ૧
કફ આવી ગળામાં રૂંધાયો, નામ તારૂં લેતાં નવ ફાવ્યોરે,
કરૂં મનમાં સ્તુતી દીન વાણી, વેગે ધાઓને શૂળપાણી. ૨
ત્રણ શત્રુ થયા મુજ પુરા. એમાં એકે નથી અધૂરારે;
થશે છેવટમાં ધૂળધાણી, વેગે ધાઓને શૂળપાણી. ૩
દોડ દોડ કૃપા કરી વહેલો, યમદૂત આવ્યાની પહેલોરે;
મનમાંહે દયા બહુ આણી, વેગે ધાઓને શૂળપાણી. ૪
રક્ત નેત્રને સૂંગ છે માથે, તોમર, ગદા શસ્ત્ર છે હાથેરે;
મારે માર મુને બહાર તાણી, વેગે ધાઓને શૂળપાણી. ૫
કોઇ કાળા મુખના દીસે, કોઈ રક્તવર્ણા દંત પીસેરે;
મારો મારો કહે છે વાણી, વેગે ધાઓને શૂળપાણી. ૬
માતપીતા ભ્રાતને ભગિની, નથી આશ પ્રિય પત્નિરે;
તુજ વિના નથી કોઈ જાણી, વેગે ધાઓને શૂળપાણી. ૭
આ અરજ મારી ઉર ધરજે, ભક્તજનોની ઇચ્છા પુરજેરે;
દાસ રામની અર્જ ઉર આણી, વેગે ધાઓને શૂળપાણી. ૮

(પૂર્ણ થયો આ ખેલ. એ રાગ.)

પૂર્ણ કર્યું આ કામ, સજજનો પૂર્ણ કર્યું આ કામ. ટેક.
નવ જાણું હું સ્વપ્ને કદાપી, પીંગળ શાસ્ત્રનું નામ. સ. ૧
બેઠાં બેઠાં રમત મમતમાં, સમર્યું છે શિવ નામ. સ. ૨
માટે ભૂલ રહી હશે સજ્જન, તે દૂર કરને તમામ. સ. ૩
ભૂલ સુધારી કૃપા કરો, વાંચજો આણી હામ. સ. ૪
વિશ્વનાથના સ્મરણ માટે, નથી બેસતાં દામ. સ. ૫
ભૂલ ચુક હોય તે જણાવી, કૃતાર્થ કરો આ "રામ" સ. ૬

શ્રી સાંબસદાશિવાર્પણમસ્તુ તથાસ્તુ. સમાપ્ત.

અભીપ્રાય

પરેલ મુંબઇ સિતારામ સદાશિવરાવ કોરાન્ણે.

દોહરો.

વાંચ્યું પુસ્તક પ્રેમથી, ભક્તિ ભાવે મેં આજ;
આનંદે વિનતિ કરૂ, પૂર્ણ થવા તમ કાજ. ૧
અલ્પ બુદ્ધિ છે માહરી, નથી જાણ્યું શિવ નામ;
અર્જ ઉરે આણો પ્રભુ, મનવાંચ્છિત ઘનસ્યામ. ૨
પ્રિયા ભાઇ છે માહરા, "રામ" તમારૂં નામ;
ઝાઝું શું હું વર્ણવું, નવ પોંચે મુજ હામ. ૩
હિંમત રાખજો આકરી, છોડો નહી શુભ કામ;
ફળ શિવ નકકી આપશે, છો તમ ચતુર સુજાણ. ૪
ખરા દિલથી હું કરૂં, વિનતિ હરિની પાસ;
વિઘ્ન હરો હેતે કરી, લક્ષ્મી પતિ અવિનાશ. ૫
શુક્રવાર છે આજ તે છે શુભ માગસર નાથ,
દ્વાદશી તિથિએ વર્ણવી, શશિ,[૧] ભક્તિ,[૯] ભુત[૫] હાથ,[૨] ૬

અગત્યની જાહેર ખબર.

"કૃપા કરીને વાંચો અને આપનાં સ્નેહીઓને વંચાવો."

"વિશ્વ વિજય"

એક માસિક પત્ર કીમત રૂ. ૧—૪—૦ ટપાલ ખર્ચ ૦—૩—૦ આ નામનું મનોરંજક માસિક પત્ર સરળ ગુજરાતી ભાષામાં પ્રગટ કરવાનું છે. જેમાં મનોરંજક વાર્તાઓ, વિધા હુનર ખેતી સંબંધીના ઉપયોગી અને અમુલ્ય ઉપાયો, કાદંબરીયો, નાટકો, પુરાણોક્ત વાર્તાઓ, વેદ સંબંધી ચર્ચા, ધર્મા ધર્મ નિર્ણય વિગેરે અનેક ઉપયોગી વિષયોથી ભરપુર એવું દર માસે પૃષ્ટ ૩૨ નું પુસ્તકના રૂપે બહાર પડશે. પાંચસેં ગ્રાહકો થયા પછી આ પત્ર ચાલુ થશે. જેઓ આ જાહેર ખબર વાંચી, પ્રથમથી પોતાનું નામ ઠામ લખાવી ગ્રાહક થશે, તેનેજ પ્રથમ અંકથી માસિક મળશે, પાછળથી ગ્રાહક થનારને કીમત વધારે પડશે, તેમ પ્રથમના અંકો મળશે નહિ; માટે ત્વરા કરો અને એક ક્યાર્ડપર પોતાનું ખરૂં નામ ઠામ લખી મોકલો. જે કોઇ દગો કરી ખોટું નામ લખાવશે. અને અમને જુઠો ખર્ચ કરાવશે, તે બાબત તે ઇશ્વરનો ગુનેગાર થશે. અગાઉથીજ પૈસા જે મોકલશે તેની પાસેથી ફક્ત ૧-૪-૦ લેવામાં આવશે. ટપાલ ખર્ચ લેવામાં આવશે નહિ. પાછળથી કીમત ૧—૪—૦ તથા ટપાલ ખર્ચ ૦—૩—૦ અને પ્રથમનો અંક જેને તેને વી. પી. થી મોકલવામાં આવશે, તેથી તેની ફીના

૦—૨—૦ વધારે પડશે. તો મેહેરબાન સાહેબો આપની ધ્યાનમાં આવે તે રસ્તે ઉતરશો. ફાયદો ઇચ્છતા હોતતો અગાઉથીજ પૈસા મોકલશો. "દગો કોઇનો સગો નથી" આ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખજો. પ્રથમ પૈસા મોકલનારને અમારા સહીની લેખી પાવતી આપવામાં આવશે. એજંટ થવાની ઇચ્છા રાખનારે અમને લખી જણાવવું. કમીશન દર સેંકડે ૧૦—૦—૦ દસ ટકા પ્રમાણે આપવામાં આવશે. આ પુસ્તકની અંદર જે કોઈ ગ્રહસ્થ પોતાનો લેખ મોકલશે તે ઉપકાર સહીત દાખલ કરવામાં આવશે, તંત્રીની જરૂર છે. ગ્રાહકો ઉતાવળ કરો, અને આ અમુલ્ય લાભ મેળવો? બીજા અંકની સાથે એકાદ બે મનોરંજક વાર્તાના પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવશે, તેનું ટપાલ ખર્ચ પણ લેવામાં આવશે નહીં.

પ્રકાશક

રામરાવ ગણેશ વડનેરકર.

છોટા ઉદેપુર—રેવાકાંઠા.

આ પુસ્તકને અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોના મુબારક નામ.

૪—૦—૦	રા. રા. દુર્ગાશંકર હરિશ્ચંદ્ર પૂરોહિત સ્ટો. કા.	ઉદેપુર
૧—૮—૦	શોભારામ કુંવરજી લૂહાર મીસ્ત્રી,	વડોદરા.
૧—૪—૦	બચુ છીતુ કંટ્રાકટર	ઉદેપુર
૧—૦—૦	રા. રા. ઇશ્વર મુળજી કા.	કપડવણુજ

૧—૦—૦	સુથાર મીસ્ત્રી. નાના શોભારામ	,,
૧—૦—૦	રા. રા. સુરજરામ ધિરજરામ કા.	ઉદેપુર
૧—૦—૦	લલુ મહારાજ બંદીદીન કંટ્રાક્ટર	,,
૧—૦—૦	ખારવા કાલુ જીવણ	,,
૦–૧૩–૦	સુથાર મીસ્ત્રી શે. ફરામજી બમનજી	સુરત
૦—૮—૦	શેઠ રતનજી જહાંગીરજીકા	મુંબઈ
૦—૮—૦	નારણ શોભારામ લૂ. મી.	વડોદરા
૦—૮—૦	રા. રા. જેઠાલાલ વિશ્વનાથ કા.	ઉદેપુર
૦—૮—૦	રા. રા. કેશવલાલ અમીચંદ કા.	કપડવણજ
૦—૮—૦	રા. રા. નાથુસીંગ જેઠાભાઇ કા.	સરસવણી
૦—૮—૦	મીસ્ત્રી ભગવાન હરીભાઇ	ઉદેપુર
૦—૮—૦	જેઠાભાઇ સુનદાસ	નડીયાદ
૦—૮—૦	કડીયા રામા બાપુ	ઉદેપુર
૦—૮—૦	મી. જેઠારામ તુલજારામ	,,
૦—૪—૦	મી. જીણા શોભારામ.	,,
૦—૪—૦	,, રણછોડ ઇશ્વર	,,
૦—૪—૦	રા. રા. મણીશંકર રણછોડજી જોશી.	બાધરપુર
૦—૨—૦	પટાવાળા દલપત રંગુ	ઉદેપુર
૦—૨—૦	,, ગગા ભીખા	,,

એક અમુલ્ય જાહેર ખબર.

કૃપા કરીને આપ વાંચો અને આપના મિત્ર મંડળને વંચાવો.

થોડે પૈસે ઘણોજ મોટો લાભ.

"વણિક પુત્રીસુકન્યા અને રાજપુત્ર હુણુસિંગની મનો રંજક વાર્તા".

આ નામનું પુસ્તક થોડી મુદત પહેલાં અમારા તરફથી બહાર પડયું છે. તેમાં ઇશ્વર ભકતના વચનથી કેવાં અશકય ફળ પ્રાપ્ત થાય? તથા તેના શ્રાપથી કેવાં માઠાં ફળ ભોગવવાં પડે! તેનો આબેહુબ ચિતાર આ પુસ્તકમાં બતાવેલો છે; વળી સૃંગાર, વિર, હાસ્ય, કરૂણા ઇત્યાદિ નવ વરસનો તેમાં સમાસ કરેલો છે. પતિવ્રતા પોતાનુ શિયળ કેવી રીતે સાચવે છે, સજ્જન પુરૂષો સુખ અને દુઃખની વખતે કેવાં રહે છે, વિગેરે ઘણીજ બોધકારક અસર થાય તેવા વિષયનો સમાસ કરવામાં આવ્યો છે. આ પુસ્તક સ્ત્રી અને પુરૂષ આ બન્ને વર્ગને ઘણુંજ ઉપયોગી છે, અને સરખોજ લાભ આપે છે; તો સુજ્ઞજનો તેનો સ્વિકાર કરી, નીચે લખેલી અમુલ્ય તકનો લાભ લેઇ પુન્યના કામમાં મદદ કરશો, પુસ્તકના પ્રમાણમાં અને સર્વ જનો તેનો લાભ લે, એમ સમજી કીમત રૂ૧—૪—૦ રાખી છે, ટપાલ ખર્ચ કે બીજું કંઇ પણ લેવામાં આવશે નહિ.

ઇનામ.

નબર.	રોકડ રૂપીઆ.	રકમ.	કુલ્લ.
૧	"	૨૦૦૦	૨૦૦૦
૨	"	૫૦૦	૧૦૦૦

૩	,,	૧૦૦	૪૫૦
૫	,,	૭૫	૩૭૫
૮	,,	૩૦	૨૪૦
૨૦	,,	૧૦	૨૦૦
૩૦	,,	૫	૧૫૦
૬૦	,,	૨	૧૨૦
૮૬૫	,,	૧	૮૬૫
૨૯૦૦૬ મનોરંજક ત્રણ પુસ્તકોનું પ્રત્યેકને એકજ ઇનામ.			૫૪૦૦
શ્રી વિશ્વનાથના મંદિર તથા તેની વ્યવસ્થા માટે			૭૦૦૦
ધર્મ કૃત્ય અર્થે,			૧૨૪૦૦

ઉપર પ્રમાણે ત્રીસ હજાર ગ્રાહકો થવાથી, ઉપરની વ્યવસ્થા પ્રમાણે, રોકડ રૂપીઆનું અને પુસ્તકોનું ઇનામ મળશે. ઇનામ થવાની અગાઉ પંદર દિવસ હરકોઇ વર્તમાન પત્રમાં જાહેર ખબર આપવામાં આવશે; તો તે વખત જેમને હાજર થવાની ખુશી હશે તેમણે આવવું. આ સમારંભ શેહેરના સારા સારા સદ્‌ગૃહસ્થોની સમક્ષ નિષ્પક્ષપાતે કરવામાં આવશે.

અગાઉથી કીમત આવ્યા શિવાય કોઇનું પણ નામ દાખલ કરવામાં આવશે નહિ. રૂા. પોંચેથી પોંચ મોકલવામાં આવશે, માટે પોંચ સાથે રૂ. ૦—૧—૦ વધારે મોકલવો. આ વર્ગમાં સ્ત્રી, બાળ, વૃદ્ધ તરૂણ સૌ લોકોને પોતાનું નામ પૈસા આપી દાખલ કરાવવા છુટ છે. એકજ ઇસમને એકથી વધારે વખત નાણાં ભરી,

વધારે નામ દાખલ કરાવવા છુટ છે. ઉપરતું ઈનામ ત્રીસ હજાર ગ્રાહકો થતાંજ અમલમાં આવશે. દૈવયોગે તેથી વધારે યા ઓછા ગ્રાહકો થાય, તો તે પ્રમાણે ઇનામમાં વધારો ઘટાડો કરવામાં આવશે. આ રકમમાંથી (ત્રીસ હજાર ગ્રાહકો થાયતો) રૂ.૭૦૦૦) એ કે સાત હજાર એક શિવાલય અને તેના ખર્ચમાં વાપરવામાં આવનાર છે; તો આ પુન્ય કાર્યનો લાભ સર્વ ગ્રહસ્થોને મળશે. આ પુન્ય કાર્યનો લાભ એક નજીવી કીમતની અત્યુતમ ચોપડીથી મળે છે, તો તે લેવા કોઇએ પણ ભૂલવું નહિ. "દગા કીસીકા સગા નહિ" "વિશ્વનાથ સત્યનો બેલી છે." અને આ વાતના ખરાપણા માટે તેને સાક્ષી રાખેલો છે.

એજંટ થવા ઇચ્છનારે અમારી તર્ફે પત્ર વ્યવહાર કરી કેવી રીતે વર્તવું તેની માહિતી મેળવવી. અમારો કરાર માન્ય કરનારને એજંટ રાખવામાં આવશે. સેંકડે દસ કરતાં વધારે ટકા કમિશન આપવામાં આવશે નહિ. હરેક જણે પોતાનું નામ તથા ગામ અને ઠેકાણું ચોકસ રીતે લખવું, વખતો વખત ઠેકાણું બદલવું પડે તો પાવતી નંબર દર્શાવી ઠેકાણું બદલાવતા જવું. ચોપડી તૈયાર થયેથી પ્રથમથીજ મોકલવામાં આવશે. એટલે સૌ કોઇને ખાત્રી થશે. મારા આર્ય બાંધવો ત્વરા કરો અને આ ઉત્કંઠીત થયેલા તમારા શેવકને મદદ કરો. નામ લખાવવાની મુદત તા. ૩૧ અક્ટોમ્બર સન ૧૮૯૯ સુધી રાખવામાં આવી છે.

કર્તા.

રામરાવ ગણેશ વડનેકર.

છોટા ઉદેપુર—રેવાકાંઠા.

નીચે લખેલાં પુસ્તકો તૈયાર થાય છે, મરજી હોય તેમણે પૈસા મોકલાવી પોતાનું નામ નોંધાવો.

રાજા કનકસેન	એક રસુજી વાર્તા.	કીમત ૦—૧—૬
રાજા અમરસિંહ	,,	૦—૧—૬
રાજા વિશ્વસિંગ	,,	૦—૧—૬
બ્રહ્મ પુત્ર વિષ્ણુશંકર	,,	૦—૧—૬

આ પુસ્તકો સામટા મંગાવનારે પ્રથમથીજ ૦—૫—૦ મોકલવા એટલે તૈયાર થયેથી મોકલવામાં આવશે.

પ્રકાશક.

રામરાવ ગણેશ વદનેકર.

છોટા ઉદેપુર—રેવાકાંઠા.